# Day to Day Current Affairs

**9 March-2015**

**૧) અરૂણ સિંહ** :- અમેરિકા ખાતેના ભારતીય રાજદુત તરીકે અરૂણ સિંહની નિમણૂ ક.

- જાન્યુઆરીમાં વિદેશ સચીવતરીકે નિમાયેલા એસ. જયશંકરની જગ્યા હવે અમેરિકા ખાતેના ભારતના રાજદૂત તરીકે અરૂણસિંહ કામ કરશે. હાલમાં ફ્રાંસમાં ભરતનાઅ રજદૂત તરીકે ફરજ બજાવતા અરૂણસિંહ૧૯૭૯ બેચના IFS છે.

**૦૨.) કુમાર સાંગાકારા** : શ્રીલંકન ક્રિકેટર

- સાંગાકાઅરા વર્લ્ડકપામાં સતત ત્રણ મેચમાં ત્રણ સદી ફટકારાનાર પ્રથમ બેટ્સમેન.આ સાથે સાંગાકારાના વન-ડેમાં ૧૪,૦૦૦ રન પુરાવન-ડેમાં ૧૪ હજાર રન બનાવાનાર સચીન બાદ બીજો ખેલાડી.

**૦૩.) વિનોદ મહેતા : પત્રકાર** - દેશના જાણીતા પત્રકાર અને લેખક્ક વિનોદ મહેતાનું અવસાન

- તેમણે વર્ષ ૨૦૧૧માં બેસ્ટ સેલર્સ 'લખનૌ બોય' લખ્યું હતું

**૦૪.) સાઈના નેહવાલ** : બેડમિન્ટન સ્ટાર

- સાઈનાઅ નેહવાલ ઑલ ઈંગ્લેંડ બેડમિંટન ચેમ્પિયંશીપમાં પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની
- ફાઈનલમાં સ્પેનની કેરોલિના મારિન સામે પરાજય થતાં ટાઈટલથી વંચિત રહેવું પડ્યું હતું

**૦૫.) દેશનું ડિફેન્સ હબ બનશે "પીપાવાવ"** : ગુજરાત હવે સંરક્ષણ ક્ષેત્રમાટે દેશનું હબ બનવા જઈ રહ્યું છે

- અમરેલીથી ૯૦ કિ.મી.ના અંતરે પીપાવાવ સ્થિત પીપાવાવ ડિફેન્સ એન્ડ ઓફશોર એન્જિનિયરીંગ કંપનીને અનિલ અંબાણીએની આગેવાની હેઠળનીએ રિલાયન્સ પ્રથમ તબક્કાની રૂ. ૮૧૨ કરોડનીએ ડિલ થકી હસ્તગત કરવાની જાહેરાત કરી હતી.પીપાવાવ ડિફેંસ ભારતીય નૌકાદળ માટે સબમરીન તથા યુધ્ધ જહાજોબનાવવાનું લાઈસંસ મેળવનાર પ્રથમ ભારતીય કંપની છે.સૈન્યની ત્રણેય પાંખ માટેના અસ્ત્ર-શસ્ત્રનું નિર્માણ ગુજરાતમાં થશે.રિલાયંસ ઈંફ્રાસ્ટ્રક્ચર દ્વારા ટેક ઓવર પૂર્ણ થયા બ્બાદ કંપની રિલાયંસ ડિફેંસના નામે ઓળખાશે.રૂ. ૮૧૨ કરોડમાં પીપાવાવ ડિફેંસનો સોદો થયો.૧૭.૬૬ % હિસ્સો રિલાયંસ ઈંફ્રાએ ખરીદ્યો

**૦૬.) 'નાસા'નું 'ડૉન' (અવાકાશયાન) નાનકડા ગ્રહ 'સેરેસ'ની ભ્રમણ કક્ષમાં પહોંચનારું સૌપ્તથમ યાન બન્યું:**

- અમેરિકી સ્પેસ એજંસી'નાસા'ના 'ડૉન' અવકાશયાને 'સેરેસ' નામે ઓળખાતા એક નાનકડા ગ્રહની ભ્રમણકક્ષામાં પ્રવેશ કરનારા સૌપ્રથમ યાન તરીકે ઈતિહાસ સર્જ્યો છે.'સેરેસ' ગ્રહ ૧૮૦૧માં શોધાયો હતો

▪ **10 March-2015**

**૦૧.) 'જીવન આસ્થા' : હેલ્પલાઈન**

- બોર્ડના વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો હાઉ દૂર કરવા પોલીસની 'જીવન આસ્થા' હેલ્પલાઈન.
- ૨૪ કલાલ ચાલુ રહેતી આ હેલ્પલાઈનનો ટોલફ્રી નંબર૧૮૬૦ ૨૬૬ ૨૩૪૫ પર પ્રશિક્ષિત કાઉંસેલર, મનોચિકિત્સકો દ્વારા ખાસ માર્ગદર્શન આપવામાં આવે છે.મુંબઈની વાંદેવાલા ફાઉંડેશન દ્વારા દેશમાં ત્રણ રાજ્યમાં આ હેલ્પલાઈન ચલાવાય છે.ગુજરાતના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન સેંટર સુરત ખાતે પોલીસ ભવનમાં કાર્યરત છે

**૦૨.) 'હેલીબા' : વાવાઝોડું** - ફ્રેંચ દરિયાકાંઠે ત્રાટકેલું વાવાઝોડું.

**૦૩.) નારાયણ ભંડેરી** :ગુજરાતમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યની શરૂઆત કરનારા અને ગણિતના વિદ્વાન અધ્યાપક પ્રૉ. નારાયણભાઈ ભંડેરીનું અવસાન

**૦૪.) એક રૂપિયાની ચલણી નોટ શ્રીનાથજી મંદીરેથી બહાર પડી.**

- એક રૂપિયાના દરની ચલણી નોટો સરકાર દ્વારા ૨૦ વર્ષના લાંબા ગાળા બાદ ફરીથી જારી કરાઈ છે.આ નોટ છઠ્ઠી માર્ચે રાજસ્થાનના નાથદ્વારામાં શ્રીનાથજી મંદિરે રજૂ કરાઈ હતીએઆ નોટ પર નાણસચિવ રાજેવ મહર્ષિની સહી છે.
- સરકારે એક રૂપિયાની નોટ નવેમ્બર ૧૯૯૪માં તથા બે અને પાંચ રૂપિયાની નોટો છાપવાનું૧૯૯૫માં બંધ કર્યુંહતું.

- **11 March-2015**

**૦૧.) 'સોલાર ઈમ્પલ્સ -૨'** :કોઈપણ પ્રકારના ઈંધણ વિના માત્ર સૂર્ય ઉર્જાથી ચાલતું વિશ્વનું સૌપ્રથમ સોલાર વિમાન અમદાવાદ્ના સરદાર વલ્લભભાઈ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યું.આ વિમાન અમદાવાદ એરપોર્ટ ખાતે પાંચ દિવસનું રોકાણ કરશે

**૦૨.) જમીન સંપાદન બીલ** : નવ સુધારા સાથે જમીન સંપાદન ખરડો લોકસભામાં ધ્વનિમનથી પસાર

- સરકારે જમીન સંપાદનમાં કરેલા નવ સુધારા

૦૧. 'સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' પ્રોજેક્ટને મંજૂરીથી મુક્તિ નહીં૦૨. ફળદ્રુપ જમીનોનું સંપાદન નહિં કરાય

૦૩. ખેડૂતોને અપીલનો અધિકાર. ૦૪. ફરીયાદની જિલ્લા કક્ષાએ સુનાવણી-નિકાલની વ્યવસ્થા

૦૫. અસરગ્રસ્ત પરિવારના એક સભ્યને સરકારીએ નોકરી આપવી ફરજિયાત

૦૬. ઔદ્યોગિક કોરિડોર માટે હાઈવે ની બંને તરફ જમીનનું સંપાદન એક્એક કિ.મી. સુધી મર્યાદીત રહેશે

૦૭. રેલ્વે લાઈનની બંને તરફ પણ એક–એક કિ.મી. જમીનના સંપાદનની મર્યાદા

૦૮. ઉજ્જડ જમીનનો અલગથી રેકોર્ડ રખાશે.૦૯. પ્રોજેક્ટ્સ માટે ઓછામાં ઓછી જમીન સંપાદીત કરાશે

**૦૩.) અખિલ ભારતીય પૉલીસ વિજ્ઞાન કૉંગ્રેસ :**

- ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે૧૧ માર્ચથી ૪૪મી અખિલ ભારતીય પૉલીસ વિજ્ઞાન કૉંગ્રેસનો પ્રારંભ થયો.
- ત્રણ દિવસની આ રાષ્ટ્રીય પરિષદ ગુજરાત પોલીસ અને ભારત સરકારના બ્યુરો ઑફ પોલીસ રિફોર્મ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા સંયુક્તપણે યોજાઈ રહી છે

**૦૪.) આસામ – વીજ દર** :આસામમાં મુખ્યમંત્રીએ વીજ દરમાં૫૦ % સબસીડી જાહેર કરી. **મુખ્યમંત્રી**: તરુણ ગોગાઈ. **પત્ર** : કૉંગ્રેસ - કૉંગ્રેસી મુખ્યમંત્રી તરુણ ગોગોઈ નાણામંત્રાલયપણ ધરાવે છે.

**૦૫.) શ્રી નરેન્દ્ર મોદી** : વિદેશ યાત્રા :રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ધેવલ અને વિદેશ સચિવ એસ જયશંકર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોના પાંચ દીવસીય પ્રવાસ માટે રવાનાપ્રથમ પડાવ સશેલ્સ ત્યારબાદ મોરેશિયસ અને છેલ્લે શ્રીલંકા જશે

**૦૬.વર્લ્ડકપ : ક્રિકેટ**

- ગ્રુપ મેચમાં આયર્લેન્ડને હરાવી ભારતે સળંગ૯મો વિજય મેળવતા વર્લ્ડકપમાં સૌથી વધુ સળંગ વિજય મેળવવામાં વિન્ડિઝ સાથે સંયુક્તપણે વર્લ્ડકપમાં બીજું સ્થાન મેળવ્યુંઑસ્ટ્રેલિયા સળંગ ૨૫ જીત સાથે ટૉચ પર છે.
- ધોની ૧૨મી જીત સાથે વર્લ્ડકપમાં ભારતનો સૌથી સફળ કેપ્ટન. કપિલ દેવનો વર્લ્ડકપમાં ૧૧ વિજયનો રેકોર્ડ તોડ્યો.
- ધોનીએ ૧૭૫મી વનડેમાં કેપ્ટન્સી સંભાળતા વનડેમાં સૌથી વધુ વખત ભારતની ટીમની કેપ્ટન્સીસંભાળવાનો અઝહરૂદિનનો ૧૭૪ વન-ડેનો રેકોર્ડ તોડ્યો.